Amul
The Taste of India

વિશ્વાસને અકબંધ રાખવાનો સતત પ્રયાસ ...

# દૂધસાગર પત્રિકા

Dudhsagar
The Pride of India


અંક : ૪ | વર્ષ - ૪ | ઓક્ટોબર - ૨૦૨૪ (સળંગ અંક : ૩૯) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop


# પવિત્રતાને વૈશ્વિક પ્રમાણપત્ર

## ડેરી ક્ષેત્રે ઈન્ટરનેશનલ કો-ઓ. ચેમ્પિયન એવોર્ડ 2024 મેળવનાર અશોકભાઈ પ્રથમ ભારતીય બન્યા

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ જોન એફ. કેનેડી દ્વારા 1961 માં સ્થાપિત OCDC (યુ.એસ.ઓવરસીસ કો.ઓપરેટીવ ડેવલોપમેન્ટ કાઉન્સિલ) અને ઈન્ટરનેશનલ કો.ઓ. રીસર્ચ ગ્રુપ (વોશિંગ્ટન ડી.સી) દ્વારા પસંદગી પામ્યા

OCDC એ વિશ્વની 10 શક્તિશાળી સંસ્થાઓનો સમૂહ છે. તેની સાથે 1 અબજ સહકારી મંડળીઓ જોડાયેલી છે. વિશ્વના નકશામાં સહકારી પ્રવૃતિ વધુમાં વધુ વિકસે અને મજબૂત બને તે દિશામાં કામ કરે છે. OCDC દ્વારા હાલમાં વિશ્વના 70 દેશોમાં 700 કરોડથી વધુના પ્રોજેક્ટ ચાલી રહ્યા છે.



OCDC નું મિશન અસર કારક આંતરરાષ્ટ્રીય સહકારી વિકાસને ચેમ્પિયન, હિમાયત અને પ્રોત્સાહન આપવાનું છે. OCDC એવી દુનિયાની કલ્પના કરે છે જ્યાં તમામ દેશોના લોકોને પોતાના અને તેમના સમુદાયો માટે વધુ સારૂ જીવન બનાવવા માટે સહકારીતા દ્વારા સાથે મળીને વિશ્વ કામ કરે.

વિતેલા ત્રણ વર્ષોના ટૂંકા ગાળામાં મહેસાણાની દૂધસાગર ડેરીમાં કરેલા આમૂલ પરિવર્તનો જેવા કે ; દૂધના ભાવ વધારામાં ત્રણ ગણો અને દૂધના ખરીદ ભાવમાં 26% વધારો, દૂધ ઉત્પાદકો માટે પશુલોન યોજના, સભાસદો માટે 1 લાખ રૂપિયાનું વીમા કવચ, દૂધસાગરમાં નવીન પાવડર પ્લાન્ટ- UHT પ્લાન્ટ જેવા સાહસો સાથે ડેરીના કુલ ટર્નઓવરમાં 50% નો વધારો અને છેવાડાના પશુપાલકોના જીવન ધોરણને ઉંચુ લાવવાના ઉત્તમ પ્રયત્નોની સાથે સામાજિક ઉત્તર દાયિત્વ નિભાવવાના ઉત્તમ પગલાંને ધ્યાને લઈ પસંદગી કરવામાં આવી

વર્ષ 2024 ના આંતરરાષ્ટ્રીય પુરસ્કાર માટે માનનીય શ્રી. અશોકભાઈ ચૌધરીનું નામાંકન અમેરિકા ખાતેની મિશીગન સ્ટેટ યુનિવર્સિટીના પ્રોફેસર કરીમ મરેડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# આંતરરાષ્ટ્રીય સન્માનના હકદાર બન્યા આપણા અશોકભાઈ

**પોતાના 45 માસના પવિત્ર અને પારદર્શક વહિવટથી મહેસાણા દૂધસાગર ડેરીમાં આમૂલ પરિવર્તન લાવી લાખો પશુપાલકોના આંગણે અજવાળું પાથરી શ્રી. અશોકભાઈ ચૌધરીએ પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ તથા સહકાર મંત્રી શ્રી.અમિતભાઈ શાહ ની પસંદગીમાં આ એવોર્ડથી પ્રાણ પુરવાનું અને ભાજપના એક કાર્યકર્તાએ છેક નીચેથી કામ કરતાં કરતાં ડેરીના ચેરમેન બન્યા પછી પ્રામાણિકતા અને સૌની સાથે સમન્વય સાધી ઓછા સમયમાં કેટલો મોટો બદલાવ લાવી શકાય તેનું જીવંત ઉદાહરણ પુરૂ પાડ્યું છે**







ઈ.સ.1961 માં અમેરિકાના તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી. જ્હોન એફ. કેનેડી દ્વારા હસ્તાક્ષર કરાયેલ U.S. ફોરેન આસિસ્ટન્સ એક્ટના પરિણામ સ્વરૂપ અસ્તિત્વમાં આવેલી આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા U.S. ઓવરસીઝ સહકારી વિકાસ પરિષદ (OCDC) દ્વારા વર્તમાન વર્ષ 2024 માટે ડેરીક્ષેત્રે ઉમદા કામગીરી કરવા બદલ સન્માનીત જાહેર થયેલા દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી ડેરીક્ષેત્રે સન્માન મેળવનાર પ્રથમ ભારતીય બન્યા છે તે માટે સમગ્ર રાષ્ટ્ર-રાજ્ય અને દૂધસાગર પરિવાર ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે.

U.S. ઓવરસીઝ કો-ઓપરેટીવ ડેવલોપમેન્ટ કાઉન્સિલ (OCDC) કે જેની સાથે વિશ્વની 10 શક્તિશાળી સંસ્થાઓ અને 1 અબજ સહકારી મંડળીઓ જોડાયેલી છે. વિશ્વના 70 દેશોમાં હાલ જેના 700 કરોડ રૂપિયાથી વધુના કામ ચાલી રહ્યા છે તેવી સંસ્થા દર વર્ષે સહકારીતાને પ્રોત્સાહન મળે અને વિકાસશીલ દેશોના અર્થતંત્ર માટે સહકારી સંસ્થાઓના રખેવાળોને ઉત્સાહ પ્રાપ્ત થાય તે માટે આંતરરાષ્ટ્રીય સહકારી ચેમ્પિયન અને વ્યક્તિગત ઉત્સાહ પુરસ્કાર જાહેર કરે છે. જેના ભાગરૂપે આ સંસ્થાને આપણી દૂધસાગર ડેરીનો વિતેલા ત્રણ વર્ષનો વહિવટ - કાર્યપ્રણાલીકા - સાહસો અને સહકારીતાનું સૂત્ર જેના માટે સાકાર થવું જોઈએ તેની અસરકારતા ધ્યાનમાં લાવનાર અમેરિકાની મિશીગન સ્ટેટ યુનિવર્સિટીના ડાયરેક્ટર પ્રોફેસર કરીમ મરેડીયા દ્વારા જાણવા મળતાં વિતેલા કેટલાક મહિનાઓથી આ સંસ્થા દૂધસાગરના વહિવટ કર્તા શ્રી.અશોકભાઈ ચૌધરીની કાર્યકુશળતા અને પ્રામાણિકતાનો નિષ્પક્ષ અભ્યાસ કરી રહી હતી. તમામ પ્રતિભાવો અને સંકલનોના અંતે શ્રી. અશોકભાઈ ચૌધરી આ વૈશ્વિક સંસ્થાની કસોટીએ ખરા ઉતરતાં તા.3 ઓક્ટોબર - 2024 ના રોજ આંતરાષ્ટ્રીય સહકારી ચેમ્પિયન એવોર્ડ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

દૂધસાગર પત્રિકા સાથેની વાતચીત દરમ્યાન જાણવા મળ્યા અનુસાર : સહકારીતાની દુનિયામાં વિવિધ કાર્યક્ષેત્રોમાં દર વર્ષે અલગ -અલગ સહકારી કામો કરતી સંસ્થાઓના વડાઓને પ્રોત્સાહન આપતો આ વિશ્વ પ્રસિદ્ધ એવોર્ડ માનનીય શ્રી. અશોકભાઈ ચૌધરીએ વિતેલા ફક્ત ત્રણ વર્ષોના ટૂંકા ગાળામાં તેઓ દ્વારા ચૂકવાયેલા ત્રણ ગણો દૂધનો ભાવવધારો અને ત્રણ વર્ષમાં દૂધના ખરીદભાવમાં કુલ 26% જેટલો વધારો આ સાથે અગાઉ દૂધસાગર ડેરીના પશુપાલકોને જે રૂપિયા 35000 જેટલું વીમા કવચ આપવામાં આવતું હતું તે વધારીને રૂા.1,00,000 કરવાના મહત્વપૂર્ણ નિર્ણય, દૂધ ઉત્પાદકોના આર્થિક જીવન ધોરણને ઉન્નતિ આપવાની સાથે સાથે ડેરીમાં જરૂરી એવા નવા નિર્માણ અને સાહસો જેવા કે ; પાવડર પ્લાન્ટ, UHT પ્લાન્ટ ના બાંધકામમાં અખત્યાર કરવામાં આવેલી પારદર્શી વહિવટીય પ્રણાલિકા, દૂધસાગર ડેરીમાં દૂધની આવક 42 લાખ લિટર પ્રતિદીન પહોંચાડવાની મહત્વની ભૂમિકા, સંપાદિત થયેલ દૂધ અને દૂધની બનાવટોમાં થયેલ વેચાણ વધારો, વિતેલા ત્રણ વર્ષમાં અગાઉ જે ડેરીનું કુલ વાર્ષિક ટર્નઓવર જે 5 હજાર કરોડ હતું તેને 7500 કરોડ સુધી પહોંચાડી 50% નો અભૂતપુર્વ વધારો કરવાના કામોને ધ્યાનમાં લઈ તેઓની પસંદગી કરવામાં આવી છે.

OCDC દ્વારા જાહેર કરવામાં આવતા પુરસ્કાર માટે વિશ્વમાં ગણના પામેલ સહકારીતાના ઉદ્દેશો માટે કામ કરતા વિવિધ ક્ષેત્રોના નામાંકન લોકો, સંશોધન કરનારાઓ, રાજકીય તેમજ વ્યાપારિક સંસ્થાઓનો અભ્યાસ કરી તેમના વડાઓને પસંદ કરવામાં આવે છે ત્યારે ડેરીક્ષેત્રે શ્રી. અશોકભાઈ ચૌધરી પ્રથમ ભારતીય બન્યા છે જેમણે વોશિંગ્ટન ડીસી ખાતે વડુ મથક ધરાવતું આ શક્તિશાળી સંગઠન હવે સન્માનિત કરશે જે છ લાખ પશુપાલકોની આ વિશાળ સંસ્થા માટે પણ પ્રથમવાર ગૌરવનું કારણ બનશે.



OCDC
INTERNATIONAL COOPERATIVE RESEARCH GROUP

# 2021 થી OCDC આંતરાષ્ટ્રીય સહકારી ચેમ્પિયન મહાનુભાવોની યાદી

## 2021 (પોલ ક્લાર્ક) અમેરિકા



અમેરિકાના ગ્રામીણ ક્ષેત્રોમાં સહકારી ધોરણે વીજ ઉત્પાદન અને વિતરણ માટે પોતાની કારકિર્દીના મહત્વપૂર્ણ 40 વર્ષ પ્રદાન કરવા બદલ OCDC થી સન્માનીત થયા તેમને NRECA દ્વારા નામાંકિત કરવામાં આવ્યા હતા.

## 2022 (ઈસાક ન્યામાંન્ગો) કેન્યા



કેન્યાના ન્યામાંન્ગોને સહકારી વિકાસની બાબતમાં વિચારશીલ નેતા તરીકે આદર આપવામાં આવે છે તેમણે પોતાના વિચારોથી કેન્યાની રાષ્ટ્રીય અને ઉપરાષ્ટ્રીય સહકારીતાની વ્યાખ્યાને યોગ્ય દિશા આપી મજબૂત પરિણામ મેળવવા બદલ OCDC દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

## 2023 (મીકાહ રેકેટાઈ દૂરુ) ઝિમ્બાવવે



ઝિમ્બાવવેમાં પોતાની પ્રભાવશાળી કાર્યપધ્ધતિના કારણે હાઉસીંગથી લઈને હેલ્થ કો-ઓપરેટીવમાં ઉત્તમ પરિણામો લાવવા બદલ તેમને OCDC દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.


## 2024 (અશોક ચૌધરી) ભારત



અમૂલ (ભારત) સાથે સંકળાયેલી ગુજરાતની લબ્ધ પ્રતિષ્ઠિત દૂધસાગર ડેરીના ચેરમેન પદે રહી ફક્ત ત્રણ વર્ષના ટૂંકાગાળામાં સહકારીતાની વ્યાખ્યામાં વાસ્તવિક પ્રાણ પુરી લાખો પશુપાલકોના જીવનસ્તરને ઉંચુ લાવવા બદલ OCDC દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.


## ભાવાંજલિ - શબ્દાંજલિ - હેતાંજલિ - શ્રધ્ધાંજલિ

# દૂધસાગરના જનક સદાય દિલમાં રહેશે : અશોકભાઈ ચૌધરી





દૂધસાગર ડેરીના સ્થાપક સ્વ.માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલની 54 મી પુણ્યતિથીએ આ મહાત્માને શ્રધ્ધાંજલિ આપતાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ સાથે દૂધસાગર પરિવારના કર્મચારીઓની હાજરીમાં ગોઠવાયેલ પ્રાર્થના સભામાં પોતાના ભાવુક શબ્દોથી દૂધસાગરરૂપી વડનું પ્રથમ બીજ રોપનાર સ્વ.માનસિંહભાઈને પોતાની હેતાંજલિ અર્પણ કરી હતી. દૂધસાગરના ભારતના તમામ એકમોમાં સ્વ.માનસિંહભાઈ માટે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.




# સમયની મ

## દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં
## સાકાર થયેલ સહકારી ધોર

**બદલાતા સમયની માંગ પ્રમાણે આજે નહી તો કાલે આપણે દૂધસાગરના સમગ્ર કાર્યક્ષેત્રમાં આ સામૂહિક ઢોરવાળાના અને બની શકે તો સહકારી ધોરણે લીલા ઘાસચારાનો કોન્સેપ્ટ અપનાવવો જ પડશે**
**( અશોકભાઈ ચૌધરી )**

ભારતના વર્તમાન વડાપ્રધાનશ્રી. નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગ
તેમણે પશુપાલનનો વ્યવસાય વધે અને વિકસે તે માટે સહકાર
સરપંચો અને આગેવાનોને આહવાહન કર્યું હતું. આ સ્વપ્નને સ
શ્રી.આનંદીબેન પટેલ દ્વારા તેમના મુખ્યમંત્રી સમયના કાર્યકા
યોજના દરમ્યાન ઉકરડા સાથેના સામૂહિક ઢોરવાડાનો વિચા
ખાતે દુષ્કાળની પરિસ્થિતીમાં દૂધાળાં જાનવરોને સરકારી સહ
પ્રફુલ પટેલ દ્વારા સૌના માટે સુલભ એવો એક તબેલો સરકારી
ઉપસ્થિત કાંસા (વિસનગર) ના વતની અને એક પ્રતિષ્ઠિત
મનમાં આજ ગામના જમીન વિહોણા ખેડૂતો અને પશુપાલકો
સ્થાપના કરવી જોઈએ તેવો ઉમદા વિચાર આવ્યો. 2009 થી ક
માં તે વખતે કાંસા ગામના મહિલા સરપંચ શ્રીમતિ સુશીલાબેન
ભૂતકાળમાં માત્ર ગાંડા બાવળો અને એની આડમાં દેશી દારૂન
સમયના ભાડા પટ્ટા હેઠળ ગણપતીપરા(કાંસા) દૂધ ઉત્પાદક
સોંપવામાં આવી. વિસનગરના વર્તમાન ધારાસભ્ય અને હાલ
ઋષિકેશભાઈ પટેલ અને કાંસા ગ્રામ પંચાયતના વર્તમાન
મળતાં ઉત્સાહી આગેવાન જશુભાઈએ તાજેતરમાં આ સામૂહિ
સ્વપ્ન સાકાર કર્યું !!

હાલ આ જમીન ઉપર 120 જરૂરીયાત મંદ મહિલા પશુ
બે લાખ જેટલા બાંધકામનો ખર્ચ લઈને 15 **x** 47 ની જગ્યામાં
કનેક્શન, પાણીનો નળ, પાણીની ટાંકી, ઉકરડાની જગ્યા અને





# ાંગ : સામૂહિક ઢોરવાડો

## ાં આવતી ગણપતીપરા(કાંસા) દૂધ ઉત્પાદક મંડળી દ્વારા ગુજરાતમાં
## રણે માલિકી હક ધરાવતી આ પ્રથમ ANIMAL HOSTEL છે




**દૂધસાગર ડેરી સાથે સંકળાયેલી તમામ દૂધ મંડળીઓના સંચાલકો અને આગેવાનોને આ દિશામાં પોતાની ઉત્તમ ભૂમિકા નિભાવવાની હું આગ્રહ સભર અપીલ કરૂ છું**
**( ચેરમેનશ્રી- અશોક ચૌધરી )**

ુજરાત રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે
રીતાથી આગળ વધવાનું ગ્રામ્ય કક્ષાના
ાકાર કરતાં તેમના અનુગામી મુખ્યમંત્રી
ળ દરમ્યાન તેઓએ "નિર્મળ ગુજરાત"
ર મૂક્યો હતો. ભૂતકાળમાં હિંમતનગર
ાયનો ઘાસચારો મફત મળી રહે તે માટે
સહાયથી ઉભો કરવામાં આવ્યો તે પ્રસંગે
આગેવાન શ્રી. જશુભાઈ વી. પટેલ ના
ને સહકારી ધોરણે સામૂહિક ઢોરવાડાની
રેલ આ વિચારે પ્રથમ પગલું ભર્યું 2013
ા પટેલ દ્વારા ગામઠણની જમીન કે જ્યાં
ા અડ્ડાઓ ચાલતા હતા એ જમીન લાંબા
ંડળી - કાંસાના પશુપાલક સભાસદોને
મમાં રાજ્ય સરકારના આરોગ્યમંત્રી શ્રી.
સરપંચ શ્રી. રાજુભાઈ પટેલનો સહકાર
ક ઢોરવાડાનું (ANIMAL HOSTEL) નું

ુપાલકોને આ સરકારી જમીન ઉપર માત્ર
4 પશુ બાંધી શકાય તેવું બાંધકામ વીજ
પતરાના શેડ સાથે માલિકીના હક્કો

આરોગ્યમંત્રી શ્રી. ઋષિકેશભાઈ પટેલ, દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી, લોકસભાના સભ્યશ્રી. હરીભાઈ પટેલ તથા દૂધસાગરના ડિરેક્ટર શ્રી.દિલીપભાઈ ચૌધરી અને એલ.કે. પટેલની ગરિમાવાન ઉપસ્થિતીમાં સોંપવામાં આવ્યા છે. સામૂહિક ઢોરવાડાના આ વિચારથી પ્રભાવિત થયેલ દૂધસાગરના ચેરમેનશ્રીએ આ વિચાર દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવતા ગામે ગામ પહોંચે તે માટે આપણી સંસ્થાના મુખપત્ર દૂધસાગર પત્રિકાને સમગ્ર આંખે દેખ્યો અહેવાલ લેવા ગણપતિપરા (કાંસા) કાંસાની મૂલાકાતે મોકલ્યા. અહીં અમને જાણવા મળ્યું કે આ લાભ લેનાર 120 મહિલાઓ પાસે કાં તો બિલકુલ જમીન નથી અને છે તો માત્ર અડધોથી એક વીઘો છે. આ બહેનો માંથી 85% મહિલાઓ પાસે બાંધકામ કરાવવાના બે લાખ રૂપિયાનો અભાવ હોવાથી શ્રી. જશુભાઈએ પોતાના પ્રમુખપદ હેઠળ ચાલતી ક્રેડિટ સોસાયટીમાંથી જામીન અને કંઈપણ ગીરવે ના મૂક્યા વગર વાર્ષિક 9% ના દરે ધીરાણ આપી મદદ કરી છે.

દૂધસાગર પત્રિકા સાથે આ વિષયમાં વાત કરતાં શ્રી. અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું કે : આજે ખેતી અને પશુપાલનનો ધંધો ધીમે ધીમે સિમીત થઈ રહ્યો છે. ગામડાઓ શહેર તરફ અને શહેરો વિદેશ તરફ ભાગી રહ્યા છે. જે ઘરમાં એક વ્યક્તિ પણ શિક્ષીત બને છે અને નોકરી રોજગાર મેળવે છે તરત જ તે ખેતી અને પશુપાલનને છોડવાનો પ્રથમ વિચાર કરે છે ! આ સંજોગોમાં, ગામડામાં રહેતા લોકો પશુપાલન કરવા માગે છે પણ તેમની પાસે જમીન અને પૈસાનો તથા ઘાસચારાનો અભાવ છે ત્યારે દૂધ એ સંપૂર્ણ આહાર હોવાથી આ વ્યવસાયમાં ક્યારેય મંદી આવવાની નથી. આ સંજોગોમાં દૂધસાગર સાથે જોડાયેલા તમામ આગેવાનો કાંસા (વિસનગર) થી શરૂ થયેલ આ સામૂહિક ઢોરવાડાના કોન્સેપ્ટને અપનાવે તથા વધુ વિચારીએ તો સામૂહિક ઘાસચારાનું વાવેતર થાય અને જરૂરીયાદ મંદોને પશુપાલનના વ્યવસાયમાં આપણે સાથે મળીને લાવી શકીએ તો મને લાગે છે કે અહીંથી આપણે બધા સાથે મળી એક નવી શ્વેતક્રાંતિ 0.2 ની શાનદાર શરૂઆત કરી શકીશું.






## દૂધસાગર અને મારૂતી સુઝુકીનો સહકાર

# સમન્વય







ગત તા.3 સપ્ટેમ્બર ના રોજ મહેસાણા દૂધસાગર ડેરીમાં લાખો પશુપાલકોના ભવિષ્યને થોડુંક વધુ ઉજળું કરવા અને વિશ્વને પ્રદૂષણના ભરડામાંથી થોડુક વધુ મુક્ત કરવા દૂધસાગર ડેરી અને મારૂતી સુઝૂકી જેવી બે મહાન સંસ્થાઓ વચ્ચે મુલાકાત થવા પામી હતી. દૂધસાગરના આધારસ્તંભ ઉપર સુઝુકીનો આર્થિક સહયોગ અને NDDB ના માર્ગદર્શનનો ત્રિવેણી સંગમ આગામી ભવિષ્યમાં સૌના માટે સુખદ બને તે માટે મનોમંથન કરવામાં આવ્યું છે અને એક કદમ ઉજ્જવળ ભવિષ્ય તરફ ભરવામાં આવ્યું છે.

**આપણા પશુપાલકો પાસેથી રોજનું 75000 કિલોગ્રામ છાણ એકત્રિત કરાશે જેની વધારાની આવક પશુપાલકોને થશે આ CNG પ્લાન્ટમાં રોજનો 3500 ક્યુ.મી કાચો ગેસ ઉત્પન્ન થશે જેને ફિલ્ટર કરી 1500 કિલોગ્રામ જેટલો બાયો CNG ગેસ બનશે જેને પોતાના દ્વારા સ્થાપિત ગેસ સ્ટેશન ઉપર દૂધસાગર ડેરી દ્વારા વિતરીત કરવામાં આવશે**

મારૂતી સુઝુકી રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર ઈન્ડિયા (SRDI) ના ડિરેક્ટર શ્રી.કેનીચેરો તોયોફૂકુ તથા શ્રી. યામાનું હિરોયુકી અને શ્રી. મિલન સંઘવી અને સુશ્રી.કુમાકારા સાથે મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને ડેરીના ઉચ્ચ અધિકારીઓ તેમજ NDDB ના અધિકારીઓ વચ્ચે થયેલ ત્રિપક્ષીય બેઠકમાં સહકારથી સમૃદ્ધિ અને ગોબરમાંથી ગોબરધન બનાવી પશુપાલકોની આવક બમણી કરવાના માનનીય વડાપ્રધાન શ્રી.નરેન્દ્રભાઈ મોદી ના સ્વપ્નને સાકાર કરવા સતત પ્રયત્નશીલ એવા આપણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી ના પ્રયત્નથી સુઝુકી ઈન્ડિયાએ મહેસાણા દૂધસાગર ડેરીને સાથે રહીને મહેસાણા જિલ્લામાં 3500 ક્યુબિક મીટર પ્રતિદિવસની ક્ષમતા ધરાવતો છાણ આધારિત બાયો CNG પ્લાન્ટ સ્થાપવા માટે કટિબધ્ધતા વ્યક્ત કરી આ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

આ ત્રિપક્ષીય બેઠકમાં મહેસાણા ખાતે દૂધસાગર ડેરી દ્વારા પ્રતિદીન રોજના 3500 ક્યુબિક મીટર ની ક્ષમતા ધરાવતો BIO CNG પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે. જે માટે જમીન દૂધસાગર ડેરી દ્વારા પૂરી પાડવામાં આવશે તો સુઝુકી (SRDI) આ સમગ્ર પ્લાન્ટ ઉપર થતો ખર્ચ ભોગવશે તથા NDDB દ્વારા તમામ ટેકનિકલ સપાર્ટ અને ટેકનિકલ ટ્રેનિંગ પૂરી પાડવામાં આવશે તે પ્રકારના કરારો કરવામાં આવ્યા હતા. મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા મારૂતી સુઝુકી ઈન્ડિયાના સહયોગથી સ્થાપિત થનાર આ BIO CNG પ્લાન્ટ માટે આપણા પશુપાલકો પાસેથી રોજનું 75000 કિલોગ્રામ છાણ એકત્રિત કરાશે જેની વધારાની આવક છાણ વેચાણ થકી આપણા પશુપાલકો મેળવી શકશે. આ પ્લાન્ટ થકી રોજનો 3500 ક્યુ.મીટર કાચો ગેસ ઉત્પન્ન કરવામાં આવશે જેને ફિલ્ટર કરી પ્રતિદીન 1500 કિલોગ્રામ જેટલો BIO CNG નું ઉત્પાદન થશે જેને દૂધસાગર ડેરી દ્વારા સ્થાપિત ગેસ સ્ટેશન ઉપર વિતરણ કરી વધારાની આવક ઉભી કરવામાં આવશે અને આ નફામાં દૂધસાગર સાથે જોડાયેલા તમામ દૂધ ઉત્પાદક સભાસદોને ભાગીદાર બનાવવામાં આવશે. આ ઉપરાત આ પ્લાન્ટમાં બાયો ફર્ટિલાઈઝર બનાવી તેને સમગ્ર જિલ્લાના ખેડૂતોને વ્યાજબી ભાવે જૈવિક ખાતર પુરૂ પાડી રાસાયણિક ખાતર પરનું અવલંબન ઘટાડવાનો ભરપૂર પ્રયાસ પણ કરવામાં આવશે. આમ, ગોબરને - ગોબરધનમાં પરિવર્તિત કરી દેશનું હૂંડીયામણ બચાવાશે તથા જૈવિક ખેતીને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. આમ - મહેસાણા દૂધસાગર ડેરી + મારૂતિ સુઝૂકી ઈન્ડિયા + NDDB ના આ સૌભાગ્યશાળી સહકારથી દૂધસાગર ડેરી વિકાસના પંથે વધુ એક ડગલું આગળ વધશે.



**ગણેશ ચતુર્થીના પાવન અવસરે સતલાસણા તાલુકાના ભાણાવાસ ગામની દૂધ મંડળીને મળ્યું નવું સુવિધાયુક્ત મકાન**



**સતલાસણા તાલુકાના વાવ મુકામે માતૃશક્તિની હાજરીમાં નવિન દૂધઘર સાથે ગણેશ ઉત્સવ ઉજવાયો**



**ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી.ઋષિકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતીમાં ગણપતિપુરા (કાંસા) દૂધ મંડળીને નવું બલ્ક કૂલર અને બીજદાન કેન્દ્ર સહિત એનિમલ હોસ્ટેલ મળી**

વિતેલા ૪૫ મહિનાથી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (આપણી દૂધસાગર ડેરી) નો સર્વાંગી વિકાસ થાય અને તેનો લાભ છેવાડામાં છેવાડાના ગામડાને તથા પશુપાલકને મળે તે માટે સંસ્થાના વર્તમાન ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી તથા તેમનું નિયામક મંડળ સતતના ધોરણે પ્રયત્નશીલ છે. એક તરફ દૂધસાગર ડેરી પોતાના આર્થિક વહિવટોને પારદર્શકતા અને પવિત્રતાના માર્ગે લાવી ચૂકી છે જેના પરિણામે વિતેલા વર્ષોમાં આ ડેરી સાથે જોડાયેલ નાનામાં નાના પશુપાલક સભાસદને ઐતિહાસીક ભાવવધારાનો લાભ મહેસાણા દૂધ સંઘ તથા ગ્રામ્ય કક્ષાની દૂધ મંડળીથી મળી રહ્યો છે અને વેટરનરીથી લઈ પશુ આહાર અને દૂરડાની સહાયો હાલમાં પશુપાલક માટે સરળતાથી ઉપલબ્ધ થઈ રહી છે. તો બીજી તરફ, મહેસાણા દૂધસાગર ડેરીનું વર્તમાન નિયામક મંડળ ગુજરાત અને ભારત સરકાર સાથે આત્મિયતા અને ઉષ્મા સભર સબંધો કેળવવામાં સફળ રહ્યું હોવાથી હાલ દૂધ મંડળીઓના નવા મકાન - ગોડાઉન - બલ્ક કૂલર તથા વિવિધ મશીનરીમાં સરકારી સહાય સરળતાથી ઉપલબ્ધ થઈ રહી હોવાથી હાલમાં ગ્રામ્ય કક્ષાએ મંડળીઓની માગણી મુજબના નવિન મકાન તથા બલ્ક કૂલર જેવી સગવડો અવિરત પ્રાપ્ત થઈ રહી છે.

તાજેતરમાં તા.૭ સપ્ટેમ્બર અને ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે દરેક મહિનાની નવિન દૂધ ઘરોના શુભારંભની ઉત્તમ પરંપરાને જીવંત રાખતાં સંસ્થાના ચેરમેનશ્રીએ સતલાસણા તાલુકાના ભાણાવાસ અને વાવ એમ બે ગામોની દૂધ મંડળીઓના નવિન મકાનોના શુભારંભ કરાવ્યા હતા. આ પ્રસંગે ચેરમેનશ્રી સાથે દૂધસાગર નિયામક મંડળના સદસ્ય અને ખેરાલુ વિસ્તારના ધારાસભ્યશ્રી. સરદારભાઈ ચૌધરી અને સતલાસણા APMC ના ચેરમેન વિરેન્દ્રસિંહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં બોલતા ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે ; હું અને મારી સમગ્ર ટીમ દૂધસાગર ડેરીના અઢી જિલ્લામાં પથરાયેલા સમગ્ર કાર્યક્ષેત્રમાં સુખ અને સમૃદ્ધિ પથરાય તે માટે પહેલા દિવસથી જ વચનબદ્ધ છીએ. આપની એ તમામ લાગણીઓ અને માગણીઓ જે વ્યાજબી અને વ્યવહારૂ હશે તેને અમે જરૂર સ્વિકારવાના છીએ. આ તબક્કે વાવ દૂધ મંડળીના વિદાય લઈ રહેલ પૂર્વ મંત્રીશ્રી. પેથાભાઈ ચૌધરીને ચેરમેનશ્રીએ પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સાથે તાજેતરમાં ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી. ઋષિકેશભાઈ પટેલ, સાંસદ શ્રી.હરિભાઈ પટેલ, દૂધસાગર નિયામક મંડળના ડિરેક્ટર શ્રી.દિલીપભાઈ ચૌધરી તથા શ્રી. એલ.કે પટેલ અને ગણપતિપુરા (કાંસા) મહિલા દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખ અને ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી. જશુભાઈ પટેલ સાથે વિશાળ સંખ્યામાં હાજર ગામના પ્રજાજનોની હાજરીમાં દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ દ્વારા વિસનગર તાલુકાના ગણપતિપુરા (કાંસા) મહિલા દૂધ ઉત્પાદક મંડળીને મળેલા બલ્ક કૂલર તથા બીજદાન કેન્દ્ર અને ગુજરાત રાજ્યની પ્રથમ એવી સહકારી ધોરણે ઉભી થયેલી એનિમલ હોસ્ટેલ (સામુહિક ઢોરવાડો) નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ગણપતિપુરા (કાંસા) ના આગેવાન શ્રી. જશુભાઈ સહિત ગ્રામ પંચાયતના સરપંચશ્રી સહિત સદસ્યો અને ગ્રામજનોને સંબોધતા શ્રી. અશોક ચૌધરીએ જણાવ્યું હતું કે ; તેઓ આ સહકારી ધોરણે ગુજરાતમાં પ્રથમ વખત સ્થપાયેલ એનિમલ હોસ્ટેલથી ઘણી ખુશી અનુભવી રહ્યા છીએ. સહકારી ધોરણે જેમ આપણે ડેરીઓ અને બેન્કો ચલાવી રહ્યા છીએ તેમ સહકારી ધોરણે પશુઓને એક સાથે રાખી તેમની સાર સંભાળ રાખવાનો આ આઈડિયા બહેતરીન છે અને આ વિચાર આવવા બદલ તથા તેને વાસ્તવિક ધરાતલ ઉપર જીવંત કરવા બદલ હું જશુભાઈ પટેલને દિલથી ધન્યવાદ આપું છું. આજે જમીનો ટૂંકી થઈ રહી છે અને ટૂંકી જમીનમાં  ઘાસચારો પેદા કરવો ઘણો મોંઘો પડે છે. એક તરફ ગામડાંએ શહેર તરફ આંધળી દોટ મૂકી છે તો બીજી તરફ શહેરોના નાગરીકો વિદેશ તરફ ભાગી રહ્યા છે. જેના ઘરમાં થોડું ઘણું ભણતર આવ્યું છે તેવા યુવાનો ખેતી અને પશુપાલનથી વિમુખ થઈ રહ્યા છે ત્યારે એક એવી વિષમ પરિસ્થિતીનું દિવસે દિવસે નિર્માણ થતું જાય છે જેમાં જે લોકો ગામડામાં રહી ખેતી અને પશુપાલન કરવા માગે છે એમની પાસે કાં-તો જમીન નથી, કાં-તો વાડો નથી, કાં-તો એ આર્થિક રીતે સક્ષમ નથી ત્યારે આવા લોકોને સહકારી માળખાના સહારે ઉભા કરવા એ આજના જમાનાની માંગ છે. દૂધ જેવા સંપૂર્ણ આહારના વ્યવસાયમાં કદાપિ મંદી આવવાની નથી ઉલટું, દૂધની માંગમાં દિવસે અને દિવસે ભારે વધારો થવાનો છે ત્યારે દરેક ગામ અને ગામના આગેવાનો તથા સરકાર આ સામૂહિક વાડા અને સામૂહિક ઘાસચારાના કોન્સેપ્ટને અપનાવે તેવી હું પ્રાર્થના સહિત ભાવનાત્મક  અપીલ કરી હતી.

# દૂધસાગરના ચેરમેનશ્રી અને નિયામક મંડળના આગ્રહથી

# લાખો પશુપાલકોને સહયોગ આપશે દિપાવલીની સ્વાદિષ્ટ શુભકામનાઓ















દૂધસાગર ડેરીના વર્તમાન નિયામક મંડળની ગત માસિક બેઠકમાં દિપાવલીના તહેવારો નજીક આવી રહ્યા હોઈ આપણી સંસ્થાના કર્મચારીઓની શાખ અને પુરવઠા મંડળી સંચાલિત સહયોગ દ્વારા પશુપાલકોને શુધ્ધ અને સાત્વિક મીઠાઈઓ અને ફરસાણ વ્યાજબી ભાવથી મળે તે પ્રકારનું એક મનોમંથન કરવામાં આવ્યું હતું. દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અને નિયામક મંડળના આ ભાવ સભર આગ્રહને માન આપી સહયોગ પોતાના 60 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત દૂધના ભરાવનાર પશુપાલકો માટે સહયોગના તમામ મીઠાઈ અને ફરસાણના ઉત્પાદનોમાં દિપાવલી નિમીત્તે 10% ડિસ્કાઉન્ટ આપવા જઈ રહી છે.

આ અંગે “દૂધસાગર પત્રિકા ” સાથે વાત કરતાં સહયોગના મેનેજરશ્રી. ભરતભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે દૂધસાગર ડેરી સાથે સંકળાયેલી તમામ દૂધ મંડળીઓ પોતાના દૂધ ગ્રાહકો વતી સહયોગમાં આ સ્કિમ હેઠળ ઓર્ડર નોંધાવી શકશે. આગામી તારીખ 1 ઓક્ટોબરથી - 15 ઓક્ટોબર સુધી દૂધ મંડળીઓએ પોતાના ગ્રાહકોની જરુરીયાત પ્રમાણે ઓર્ડર નોંધાવી દેવાનો રહેશે. મીઠાઈ અને ફરસાણ નો ઓર્ડર સવારે 10 કલાકથી સાંજે 6 કલાક સુધી સહયોગની મુખ્ય શાખા (દૂધસાગર ડેરી સામે) ના સેલ્સ વિભાગમાં નોંધાવાનો રહેશે જે માટે જવાબદાર વ્યક્તિ તરીકે શ્રી. ગફુરભાઈ દેસાઈ ની નિમણૂક કરવામાં આવી છે જેમનો સંપર્ક **મો.નં.8980013684** ઉપર કરી પોતાનો ઓર્ડર દૂધ મંડળીના જવાબદાર માણસે રુબરુ નોંધાવાનો રહેશે. જે માટે સંપૂર્ણ મીઠાઈઓ અને ફરસાણના લીસ્ટ સાથે ફોર્મ ભરવાનું રહેશે અને તમામ ઓર્ડર સાથે 50% રકમનો ચેક એડવાન્સ તથા બાકીના બીલની રકમ માલની ડિલીવરી વખતે ચૂકવવાની રહેશે. દિપાવલી ડિસ્કાઉન્ટનો લાભ લેવા દૂધ મંડળીએ ઓછામાં ઓછો 100 કિલો મીઠાઈ અને ફરસાણમાં પણ ડિસ્કાઉન્ટનો લાભ લેવો હોય તો ઓછામાં ઓછો 100 કિલોનો ઓર્ડર આપવાનો રહેશે. મીઠાઈ અને ફરસાણના ઓર્ડર નોંધાવવાની છેલ્લી તારીખ 15-10-2024 રાખવામાં આવેલી છે. એડવાન્સ બુકિંગ સીવાય ડિસ્કાઉન્ટ આપવામાં આવશે નહીં. આ સાથે સહયોગના મેનેજરશ્રીએ જણાવ્યું કે : માલની ડિલેવરી વખતે દૂધ મંડળીના જવાબદાર માણસે રુબરુ આવી માલ જોઈ - ચકાસીને મેળવી લેવાનો રહેશે. આ ડિસ્કાઉન્ટ યોજના ફક્ત દૂધસાગર ડેરીના દૂધ ઉત્પાદકો માટે હોવાથી દૂધ ઉત્પાદક સીવાયના કોઈપણ વ્યકિતને આ યોજનાનો લાભ આપવામાં આવશે નહીં. સહયોગ દ્વારા મીઠાઈ અને ફરસાણના એડવાન્સ નોંધણી બાદ સંપૂર્ણ શુધ્ધતા સાથે ઓર્ડર મુજબ મીઠાઈ અને ફરસાણનું તાજુ ઉત્પાદન કરવામાં આવશે. જેને મેળવી લેવા સહયોગની વિવિધ શાખાઓનું લીસ્ટ જાહેર કરવામાં આવ્યું છે જે નીચે મુજબ છે.

**દૂધ ઉત્પાદકો માટે 10% ડિસ્કાઉન્ટથી દિપાવલીની મીઠાઈઓ તથા ફરસાણ મેળવવાનું સ્થળ**

| નામ | સરનામું | સંપર્ક નંબર |
|---|---|---|
| મુખ્યશાખા - મહેસાણા | દૂધસાગર ડેરીની સામે, મહેસાણા. | 8980013684 (ગફુરભાઈ દેસાઈ) |
| સહયોગ પાર્લર - કડી | દુકાન નં.15/એ, સરસ્વતી સોસાયટી, થોળ રોડ, કડી. | 9054270543 (હરેશભાઈ વ્યાસ) |
| સહયોગ પાર્લર - હારીજ | હારીજ દૂધ શીતકેન્દ્ર, હાઈવે રોડ, હારીજ. | 9714632151 (હિંમતસિંહ વાઘેલા) |
| સહયોગ પાર્લર - પાટણ | જી-32, શાશ્વત સ્કેવર, હાંસાપુર દૂધ શીત કેન્દ્ર સામે, પાટણ. | 9998098599 (દર્શનભાઈ પટેલ) |
| સહયોગ પાર્લર - ઉંઝા | દુકાન નં.જી.9-10, ઉંઝા કેળવણી મંડળ, સ્ટેશન રોડ, ઉંઝા. | 9974095108 (પંકજભાઈ ચૌધરી) |
| સહયોગ પાર્લર - ખેરાલું | ખેરાલું દૂધ શીતકેન્દ્ર, હાઈવે રોડ, ખેરાલું. | 9726504135/9924191761 |
| સહયોગ પાર્લર - વિસનગર | 4/5,સરદાર માર્કેટ, કાંસા ચાર રસ્તા, વિસનગર. | 9574322474 (રામજીભાઈ ચૌધરી) |
| સહયોગ પાર્લર - વિહાર | વિહાર દૂધ શીતકેન્દ્ર સામે - વિહાર, તા.વિજાપુર | 9427522613 (નરેશભાઈ ચૌધરી) |

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા